જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૪૬/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

**ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :**

મે.પો.લીસ કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી “ઇ” ડીવીજન સા.શ્રી નાઓ તરફથી શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સારૂસુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના ગા.હવેલી પો.સ્ટે નાઓના સીધા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા સ્ટાફના માણસોએ ગાયકવાડ હવેલી વિસ્તારમા ઉઠક બેઠક ધરાવતા રહેતા ઇસમ નામે કેતન જીતુભાઇ સરગરા ઉ.વ.૨૦ રહે. મહાજનનો વંડો, વસંત-રજબ પોલીસ ચોકી સામે જમાલપુર અમદાવાદ શહેરનાઓ શરીર સંબંધી ગુન્હાઓ કરવાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ હોય સદરી આરોપી વિરૂધ્ધ પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતા તેઓશ્રીએ પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૧/૨૦૧૯ તા.૧૬/૧૨/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટ્કાતીને પાસા હુકમની બજવણી કરી “ વડોદરા મધ્યસ્થ જેલ” ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ છે.તા.૧૮/૧૨/૨૦૧૯



# રામોલ પોલીસ સ્ટેશન :

## આરોપીની પાસા હેઠળ અટકાયત કરવા બાબત (શરીર સંબધી)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ શરીર સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩૧/૨૦૧૯ તા.૦૨/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી શ્રીસિધ્ધાર્થ ઉર્ફે સાહીલ સ/ઓ મુકેશભાઇ જાતે.ડભોળકર ઉ.વ.૨૧ ધંધો.મજુરી રહે.એ/૬૯ ચંદ્રવિહાર સોસાયટી સુરેલીયા એસ્ટેટ રોડ અમદાવાદ શહેરનાઓને પાસા અટકાયતી તરીકે ખાસ જેલ પાલારાભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૭/૧૨/૨૦૧૯ ના ક.૧૯/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ હરદિપસિંહ ઉર્ફે બાપુ લક્ષ્મણસિંહ જાડેજા ઉ.વ.૩૩ રહે: ડી/૩૪૨, લક્ષ્મીકૃપા સોસાયટી, અર્બુદાનગર, ઓઢવ, અમદાવાદ શહેર નાઓ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે હરદિપસિંહ ઉર્ફે બાપુ લક્ષ્મણસિંહ જાડેજા નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/1004/19 તા.05/09/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં-૧૧૬૬૨ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં.૧૨૯૬૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ પંચદેવ મંદિર પાસે આવતા <u>એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ</u> નાઓની સચોટ બાતમી હકિકત આધારે છેલ્લા ત્રણેક મહીનાથી પાસા અટકાયતથી નાસતા ભાગતો હોય તેઓના ઘરેથી પકડી લઇ આજરોજ તા.૧૭/૧૨/૨૦૧૯ ના રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

વટવા પોલીસ સ્ટેશન :

# પ્રોહીબીશન સબંધી પાસા અટકાયત કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેકટર-૨ સાહેબ નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ દાખલ થયેલ વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં ૫૫૪૫/૧૯ પ્રોહી કલમ ૬૫(એ)(ઈ) ૮૧, ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો કામના આરોપણ બેન નામે અ.નં. (૧)શ્રીમતી અંજુબેન ઉર્ફે કાળી વા/ઓ રમેશભાઈ માવી ઉ.વ.૩૮ રહે- અંબિકા ટ્યુબની સામે, મામુડીયાના છાપરા વટવા અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૬/૧૯ તા. ૧૬/૧૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને તા.૧૬/૧૨/૧૯ ના કલાક ૧૭/૦૫ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

તથા અ.નં. (૨) શ્રીમતી ચંપાબેન વા/ઓ પ્રવિણભાઈ મિનામા ઉ.વ.૩૨ રહે. ખજુરીયા મિનામા ફળિયુ, ગામ:- આંબલી, તા:ગરબાડા, જી: દાહોદ નાઓની વિરુધ્ધ મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:-પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૭/૧૯ તા.૧૬/૧૨/૧૯ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને તા.૧૬/૧૨/૧૯ ના કલાક ૧૭/૨૫ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ <u>તા.૧૭.૧૨.૧૯</u> ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વાસણા તથા પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોના બંધ ફ્લેટના મુખ્ય દરવાજાનો લોક તોડી ફ્લેટમા પ્રવેશ કરી બેડરુમમા રાખેલ કબાટમાથી રોક્ડા તથા સોના ચાંદીના દાગીના તેમજ મોબાઈલ ફોનની પોતાના સગરિતોની મદદથી ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે ઈરફાન ઉર્ફે મોગલી સીદીકભાઈ મેવાતી રહે. મ.ન.૨૨૦ રામ રહીમનો ટેકરો, ગલી ન.૪ બહેરામપુરા અમદવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ઈરફાન ઉર્ફે મોગલી સીદીકભાઈ મેવાતી રહે. મ.ન.૨૨૦ રામ રહીમનો ટેકરો, ગલી ન.૪ બહેરામપુરા અમદવાદ શહેર |

- નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી મારામારી કરી તેમજ ચપ્પુ મારી ઈજા કરનાર ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર મોન્ટુ પ્રવીણભાઈ ગોહિલ રહેવાસી-મ.ન.પી/૪ પારાંતી આવાસ યોજના,ઔડાના મકાન મારુતી શો રુમની પાછળ એસ.પી.રિંગ રોડ નિકોલ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોન્ટુ પ્રવીણભાઈ ગોહિલ રહેવાસી-મ.ન.પી/૪ પારાંતી આવાસ યોજના,ઔડાના મકાન મારુતી શો રુમની પાછળ એસ.પી.રિંગ રોડ નિકોલ અમદાવાદ |

- આ ઉપરાંત અન્ય શરીર સબંધી/ પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૩ ઇસમો મળી <u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને સુરત, વડોદરા,રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# પ્રોહીબીશનના આરોપી ની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :

## ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૧૪૭/- કિ.રૂ. ૭૩,૫૦૦/-ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૨ નાઓ તથાનાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪સાહેબતથા મદદનીશપોલીસ.કમીશ્નરશ્રી “જી” ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારેપોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સે.પો.ઇ શ્રી એમ.બી.બારડ તથા સર્વેલન્સ પો.સ.ઇ આઇ.કે.મોથલિયા તથા પો.સ.ઇ જે.કે.બ્રમભટ્ટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સે.પો.ઇ શ્રી એમ.બી.બારડ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે (૧) રામ તલાજી ઠાકોર (૨) ભરત તલાજી ઠાકોર (૩) વિશાલ ઉર્ફે હનુમાન સુરેશ ભરાટકર નાઓ સરદારનગરનોબલનગરવાલ્મીકી આવાસ બ્લોક નં- ૧૮ ની સી.ડી. નીચે આવેલ ઇલેક્ટ્રીક કેબીન માં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો રાખી રેડ દરમ્યાન નહી મળી આવેલ હોય સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૨), ૮૧ મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

આરોપીઓના નામ;-(૧) રામ તલાજી ઠાકોર (૨) ભરત તલાજી ઠાકોર બંન્ને રહે- સુભાષનગર નોબલનગર સરદાર નગર અમદાવાદ શહેર
(૩) વિશાલ ઉર્ફે હનુમાન સુરેશ ભરાટકર રહે- બ્લોક નં- ૨ વાલ્મીકી આવાસ નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ;-(૧) ભારતીય બનાવટના વિદેશીદારૂ ની બોટલ નંગ- ૧૪૭/- કિ.રૂ. ૭૩,૫૦૦/-

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-(૧) પોલીસ ઇન્સપેક્ટર સી.આર.જાદવ (૨) સે.પોલીસ ઇન્સપેક્ટર એમ.બી.બારડ (૩) પોલીસ સબ ઇન્સઆઇ.કે.મોથલિયા (૨) અ.પો.કો.સંદીપસિહ કોદરસિહ બ.ન. ૩૫૦૩ (૩) અ.પો.કો.કલ્પેશકુમાર વાલજીભાઇ બ.ન. ૧૦૧૪૦ વિગેરે.

# <u>ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત</u>

## <u>દાણીલીમડાપોલીસ સ્ટેશન :</u>

## <u>મિલ્કત સંબંધી ગુનામાં નાસતો-ફરતો આરોપી પકડી પાડતી દાણીલીમડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મ.પો.કમિ શ્રી “કે” ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા/વોન્ટેડ આરોપીને શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સા.નાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ આર.એસ.ગોહિલ તથા સાથેના સ્ટાફના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.ગોપાલભાઇ શિવાભાઇ બ.નં.૯૧૬૦વિ.સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળેલ દરમ્યાન સાથેના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ તથા પો.કો.ગોપાલ ભાઇ દેવાભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે **પાલડી પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૯૨/૨૦૧૯ ધી આઇ.પી.સી.કલમ-૩૭૯,૧૧૪** મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપી **<u>સમીરખાન ઉર્ફે મખ્ખી મજીદખાન અબ્દુલકરીમખાન પઠાણ ઉ.વ.૧૯ રહે : બ્લોક નં.૨૨ મ.નં.૫૦૬ પરિક્ષિતલાલનગર બહેરામપુરા અમદાવાદ શહેર</u>** નાઓને પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી મિલ્કત સંબંધી ગુનામાં નાસતો ફરતો આરોપી પકડી પાડેલ છે.